**નેતાઓ આવે ને જાય, પણ આગ લાગે ત્યારે બચાવવા કોણ આવશે?**

# વડોદરામાં ‘ફાયર’ સેફ્ટી રામ ભરોસે: આધુનિક સાધનો હોવા છતાં ડ્રાઈવર વગર ગાડીઓ ડેપોમાં ધૂળ ખાય છે

નેતાઓના પ્રોટોકોલ પાછળ તંત્ર ઘેલું, જનતાના જીવ જોખમમાં!

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરમાં નેતાઓ અને વીવીઆઈપીઓના પ્રોટોકોલ અને બંદોબસ્ત પાછળ સરકારી તંત્ર એટલું વ્યસ્ત બની ગયું છે કે સામાન્ય નાગરિકોની સુરક્ષા હવે જોખમમાં મુકાઈ હોય તેવું લાગી રહ્યું છે. ખાસ કરીને ફાયર બ્રિગેડ વિભાગમાં ડ્રાઈવરોની સતત વધતી અછતને કારણે કટોકટીના સમયે શહેરીજનોની સુરક્ષા દાવ પર લાગી છે. વડોદરા હંમેશા રાજકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે. જ્યારે પણ કોઈ દિગ્ગજ નેતા કે મુખ્યમંત્રીની શહેરમાં પધરાવણી થાય છે, ત્યારે ફાયર ફાઈટરની ગાડીઓને તેમના રૂટ અથવા સભાસ્થળે સ્ટેન્ડબાય રાખવામાં આવે છે. આ સ્થિતિમાં જો શહેરના કોઈ રહેણાંક કે વ્યવસાયિક વિસ્તારમાં આગ જેવી દુર્ઘટના બને, તો ત્યાં તાત્કાલિક પહોંચવા માટે પૂરતો સ્ટાફ કે ડ્રાઈવરો ઉપલબ્ધ હોતા નથી. આગની ઘટનામાં ‘ગોલ્ડન અવર્સ’ એટલે કે શરૂઆતની મિનિટો ખૂબ જ મહત્વની હોય છે, પરંતુ ડ્રાઈવરના અભાવે જો ગાડી મોડી પહોંચે તો જાનમાલનું નુકસાન અનેકગણું વધી શકે તેમ છે. ફાયર વિભાગ પાસે આધુનિક સાધનો અને લડાયક ફાયર ફાઈટરોની ટીમ તો છે, પરંતુ તેમને ઘટનાસ્થળ સુધી લઈ જનારા ડ્રાઈવરોની સંખ્યા ઓછી છે. વહીવટી તંત્ર અને નેતાઓ વચ્ચેના સંકલનના અભાવે નવી ભરતી પ્રક્રિયા અટકેલી છે. પરિણામે, હાલના ડ્રાઈવરોએ પરિવાર છોડીને દિવસ-રાત ફરજ બજાવવી પડે છે અને ઘણીવાર ડબલ કે ત્રિપલ શિફ્ટમાં કામ કરવું પડે છે.






**સળગતો સવાલ : નેતાની સભામાં ગાડી તૈયાર, પણ સોસાયટીમાં આગ લાગે તો?**

વડોદરામાં જ્યારે કોઈ નેતાનો કાફલો પસાર થાય છે ત્યારે અત્યાધુનિક ફાયર ફાઈટરો લાઈનબદ્ધ સ્ટેન્ડબાય જોવા મળે છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે શહેરના કોઈ ગલી-મહોલ્લામાં આગ લાગે ત્યારે આ ગાડીઓ ચલાવવા માટે પૂરતા ડ્રાઈવરો જ નથી! જે કર્મચારીઓ હાજર છે તેઓ ડબલ-ત્રિપલ શિફ્ટ કરીને થાકી ચુક્યા છે તેવુ પણ જણાવ્યુ હતુ.

**વડોદરા સેન્ટ્રલ એસ.ટી. ડેપોના મુસાફરો પાસે ઉઘાડી લૂંટ**

# કોનો કેટલો ચાર્જ વસુલવો ભાવ પત્રક બોર્ડ ઢાંકી દેવાયું

જાગૃત નાગરિકે આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી શૌચાલયમાં હાજર કર્મીનો બરાબરનો ઉધડો લીધો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરાના એસટી ડેપો પર આવેલા શૌચાલયમાં જતા મુસાફરો પાસેથી ફરજ પર હાજર કર્મચારી દ્વારા ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોવાનો વધુ એક વીડિયો મુસાફરે વાયરલ કર્યો હતો. જેમાં કર્મીએ કોનો કેટલો ચાર્જ જેનું લગાવેલું પાટિયુંજ શર્ટ લટકાવી ઢાંકી દેવામાં આવ્યું હતું.

વડોદરામાં હવે લૂંટિયા તત્વો સક્રિય બન્યા છે. નાગરિકો પાસે ગમે તે પ્રકારે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. ખાદ્ય પદાર્થો બાદ હવે શૌચાલયોમાં પણ મુસાફરો પાસેથી ખુલ્લેઆમ ઉઘાડી લુટ મચાવવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા વડોદરા શહેરના એસટી ડેપો ખાતે કાર્યરત શોચાલયમાં પૈસા કરવા જવા માટે ચાર્જ વસૂલવામાં આવી રહ્યો હોવાનો પર્દાફાશ એક મુસાફરે વિડીયો બનાવીને વાયરલ કર્યો હતો.



ત્યારબાદ ફરી એક વખત શૌચાલયના સંચાલકની મનમાનીનો વિડીયો શુક્રવારે બીજા એક મુસાફરે બનાવીને વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં શૌચાલય જવા માટે કેટલો ચાર્જ ચૂકવવો જેની માટે લગાવવામાં આવેલું ભાવ પત્રકનું બોર્ડ પાટિયું જેની ઉપર એક શર્ટ લટકાવીને ઢાંકી દેવામાં આવ્યું હતું. જેથી શૌચાલયમાં આવતા મુસાફરોના તેની પર નજર ન પડે અને તેની સામે ફરજ પર હાજર કર્મચારી ઉઘાડી લૂંટ કરી શકે.

ભાવ પત્રક મુજબ ટોયલેટનો એક રૂપિયો નાહવા માટે બે રૂપિયા, યુરીનલ માટે શૂન્ય આ સ્પષ્ટ પણે લખવામાં આવ્યું છે, તેમ છતાં પણ મુસાફરો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. જોકે, એક જાગૃત નાગરિકે આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી શૌચાલયમાં હાજર કર્મીનો બરાબરનો ઉધડો લીધો હતો અને આ એજન્સીને તાત્કાલિક બ્લેક લિસ્ટ કરી કોન્ટ્રાક્ટ રદ કરવાની માંગણી કરવામાં આવી હતી.

**વડોદરાના ગોત્રી, મકરપુરા, કોયલી તથા રાવપુરા વિસ્તારમાં તસ્કરો ત્રાટક્યાં**

# ચારેય વિસ્તારોમાંથી રૂ.4.60 લાખની મતાની ચોરીથી લોકોમાં ફફડાટ વ્યાપ્યો

પોલીસ દ્વારા સીસીટીવી ફુટેજના આધારે ચોરોનું પગેરુ મેળવવા શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરના અલગ અલગ ગોત્રી, મકરપુરા, કોયલી તથા રાવપુરા વિસ્તારમાંથી મકાન તથા કંપનીના કમ્પાઉન્ડમાંથી સોનાના દાગીના અને લોખંડ તેમજ એસએસનું મટિરીયલ્સ મળી રૂ. 4.60 લાખની મતાની ચોરી ફરાર થઇ ગયા હતા. જેથી પોલીસ દ્વારા ત્યાં લગાવેલા સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરાઇ છે. ઉલ્લેખનીય છે કે તસ્કરો મોડી રાત્રીના સમયે ચોરીની અંજામ આપી પોલીસના નાઇટ પેટોલિંગના લીરેલીરા ઉડાવ્યાં છે.

**પ્રથમ બનાવ : નીલાંબર સર્કલ એચ.પી.પેટ્રોલ પંપ પાસે**

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલા મધુવન પેલેસમાં રહેતા પ્રકાશ કલ્યાણદાસ રામચંદાની ગોત્રી નીલાંબર સર્કલ એચ.પી.પેટ્રોલ પંપ પાસે ડીટેલીંગ ડેવીલ્સ નામનો શો-રૂમ બે વર્ષથી ચલાવે છે. જેમાં ફોર વ્હીલરનું કોટીંગ, પીપીએફને લગતુ કામકાજ કરાય છે. 14 ઓક્ટોબરના રાત્રીના 8 વાગે શો રૂમ બંધ કરી ગયા હતા. બાદમાં 15 ઓક્ટોબરે શોરૂમ પર આવ્યાં હતા ત્યારે કસ્ટમર લોન્જમાં ડ્રેગન પીપીએફ લાઈટના ચાર બોક્ષની ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. સીસીટીવી. ફુટેજ ચેક કરતા એક વર્ષ અગાઉ શો-રૂમમાં નોકરી કરતા હાર્દિક શર્મા ઉર્ફે કાંચોને મળવા માટે આવ્યો હતો. જેથી તેની તપાસ બે હાર્દીક ઉર્ફે કાંચાને તેના મોબાઈલ નંબર ઉપર ફોન કરી આકાશ જેથી આજુબાજુ તપાસ કરતા કોઈ માલ મળ્યો ન હતો. જેથી શોરૂમના માલિકે પ્રકાશભાઇએ અજયભાઈ ભાલીયા વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

**બીજો બનાવ : મકરપુરામાં હવેલી ચારરસ્તા પાસે સોસાયટીમાં**

મૂળ અમદાવાદના અને હાલમાં મકરપુરા વિસ્તારમાં હવેલી ચાર રસ્તા ખાતે રહેતા એનરોસ વલી ફર્માનાન્ડીઝ મેલવીને નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 15 નવેમ્બરના રોજ તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને તિજોરીમાંથી સોનાની ચાર બંગળી, સોનાનો સેટ રૂ.46 હજાર કુલ મળી રૂ. 1.91 લાખની મતાતની ચોરી પલાયન થઇ ગયાં હતા. જેથી ઘરે આવ્યાં બાદ મકાન મકાની ચોરી થઇ હતી.



**ત્રીજો બનાવ : કોયલી ખાતે આવેલી કંપની કમ્પાઉન્ડમાં**

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં છાણી જકાતનાકા પાસે એક્તાનગરમાં રહેતા શિવાજી કાશીનાથ રાયે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ગત 24 ડિસેમ્બરે કોયલી ગામ રજવાડા ત્રણ રસ્તા સામેના ભાગે આઈઓસીએલ કંપનીની બાજુમાં આવેલી ન્યુબર્ગ એન્જીન્યરીંગ એલટીડી કંપનીના ખુલ્લા કમ્પાઉન્ડમાં ત્રાટક્યાં હતા. ત્યારબાદ ત્યાં કમ્પાઉન્ડમાં લોખંડ તથા એસએસનું મટીરીયલ મળી આશરે રૂ.28 હજારના સામાનની ચોરી કરી ફરાર થઇ ગયાં હતા. જવાહરગનર પોલીસે ગુનો નોંધી તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

**ચોથો બનાવ : શિયાપુરા પટણી મહોલ્લામાં**

રાવપુરા વિસ્તારમાં વિસ્તારમાં આવેલા શિયાપુરા પટણી મહોલ્લામાં રહેતા જયેશભાઇ ઇશ્વરભાઇ વાળંદજયેશકુમાર ઈશ્વરભાઈ વાળદ ઉ.વ.૩૮ ધંધો-વેપાર રહે. પટણી મોહલ્લો શિયાપુરા પોલીસ ચોકી પાછળ રાવપુરા વડોદરા શહેર નાઓની ફરીયાદ મુજબ આરોપી શકમંદ ઇસમ મોહિતકુમાર પ્રકાશ પ્રજાપતિ (રહે. એસએકાક પ્રમુખ સ્કેવર ફ્લેટ અભિલાષા કેનાલ રોડ સમા વડોદરા) પટણી મહોલ્લાના મકાનમાંથી રૂપિયા 21 હજારના દાગીના ચોરી ગયો હોવાની આશંકા છે. જેથી તેના વિરુદ્ધ ચોરીની ફરિયાદ મકાન માલિકે કારેલીબાગ પોલીસ સ્ટેશનનમાં નોંધાવી છે.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી સ્કોલરશીપ ટેસ્ટનું પરિણામ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ગુજરાત પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે લેવાયેલી સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં કુલ બે લાખથી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી જાહેર કરાયેલા પરિણામમાં 97,466 વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે લાયક બન્યા હતા.

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ માટે કુલ 1,42,775 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી હતી. જે પૈકી 1,34,053 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જાહેર કરાયેલા પરિણામમાં પ્રાથમિક માટે 54,607 વિદ્યાર્થીઓ લાયક બન્યા છે. આજ રીતે માધ્યમિક માટે 75,423 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 66,149 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં 42,859 વિદ્યાર્થીઓ લાયક બન્યા છે. ગત તા. 29 મી નવેમ્બરના રોજ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના 754 કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવી હતી. કુલ 120 માર્કસની પરીક્ષામાં પ્રાથમિક વિભાગમાં 20 વિદ્યાર્થીઓએ 90 કરતા વધારે માર્ક મેળવ્યા છે. આજ રીતે માધ્યમિક વિભાગમાં કુલ 875 વિદ્યાર્થીઓએ 90 કરતા વધારે માર્ક્સ મેળવ્યા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષામાં 120 માર્ક્સની પરીક્ષા માંથી 114 માર્કસ માત્ર એક વિદ્યાર્થીના આવ્યા છે. આ પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાની સાથે તાલુકા કક્ષાએ નક્કી કરેલા ક્વોટા પ્રમાણે સ્કોલરશીપ ચૂકવવામાં આવતી હોય છે. પ્રાથમિક વિભાગમાં 1 હજાર અને માધ્યમિકમાં 2900 વિદ્યાર્થીઓને 1 હજાર પ્રમાણે સ્કોલરશીપ ચૂકવવામાં આવતી હોય છે.

**ગુજરાતમાંથી ગત વર્ષે એક પણ વિદ્યાર્થીએ 100 પર્સેન્ટાઇલ મેળવ્યા ન હતા**

# કેટમાં શહેરના 24 વિદ્યાર્થીઓએ 98 પર્સન્ટાઈલથી વધુ સ્કોર મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

કેટ 2025 ના પરિણામોમાં વડોદરાનું ફરી એકવાર શાનદાર પ્રદર્શન સામે આવ્યું છે. જેમાં આઈએમએસ વડોદરાના 24 વિદ્યાર્થીઓએ 98 પર્સન્ટાઈલથી વધુ સ્કોર મેળવ્યા હતા. આ વખતે વડોદરામાંથી આશરે 1700 થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

કેટ 2025 નું પરિણામ જાહેર થતાં વડોદરા શહેરે ફરી એકવાર પોતાની શૈક્ષણિક પ્રતિભાનો પરચમ લહેરાવ્યો આવ્યો છે. આ વર્ષે 30 નવેમ્બરે યોજાયેલી કેટ પરીક્ષામાં દેશભરમાં 2.5 લાખ થી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી 1700 થી 1800 વિદ્યાર્થીઓ વડોદરાથી પરીક્ષામાં સામેલ થયા હતા. આઈએમએસ વડોદરા ના કુલ 24 વિદ્યાર્થીઓએ 98 પર્સન્ટાઈલથી વધુ સ્કોર કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. દેવલ પટેલે 99.89, પ્રાથા શાહે 99.87, વૈદ્ય પંડ્યાએ 99.80 , અદિતિ મહેતાએ 99.55 સિદ્ધાર્થ પટેલે 99.44 સાથે ઉત્તમ સફળતા મેળવી છે.



એક સમય હતો, જ્યારે વડોદરાથી થોડા વિદ્યાર્થીઓ આઈઆઈએમ સુધી પહોંચે તે માટે સિધ્ધિ માનવામાં આવતી હતી. આજે આઈએમએસ વડોદરાના માર્ગદર્શનથી દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આઈઆઈએમ અને દેશની ટોચની મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રવેશ મેળવી રહ્યા છે, ગયા વર્ષે આઈએમએસ વડોદરાના 50 જેટલા વિદ્યાર્થીઓએ આઈઆઈએમમાં પ્રવેશ મેળવ્યો હતો અને આ વર્ષે આ સંખ્યા વધવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, કેટ પરીક્ષામાં દેશભરમાંથી 12 વિદ્યાર્થીએ પુરા 100 પર્સેન્ટાઈલ મેળવ્યા છે. ગત વર્ષે 14 વિદ્યાર્થીએ 100 પર્સેન્ટાઈલ મેળવ્યા હતા. પુરા 100 પર્સેન્ટાઈલ મેળવનારા 12 વિદ્યાર્થીઓમાં આ વર્ષે પ્રથમવાર ગુજરાતના બે વિદ્યાર્થીઓ છે. જ્યારે સૌથી વધુ 3 વિદ્યાર્થી દિલ્હીના છે.

**બે વર્ષથી સંબંધ રાખીને ભાડાના મકાનમાં સાથે રહેતો હતો**

# પ્રેમિકાને આત્મહત્યા કરવા મજબુર કરનાર પ્રેમી વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નાપા ગામે ટાકીવાળા ફળિયામાં રહેતા કિશન જગદીશભાઇ ઠાકોર ની સાથે યુવતીને મિત્રતા થઈ હતી ત્યારબાદ જેથી તેઓ એકબીજા સાથે મોબાઈલ પર કોલિંગ તથા ચેટિંગ દ્વારા વાતો કરતા રહેતા હોવાના કારણે બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. આરોપી પોતે પરીણીત હોવા છતા યુવતીને લગ્ન કરવા માટે ખોટી લાલચ આપીને તેની સાથે પ્રેમસ બંધ બાંધ્યાં હતા. છેલ્લા બે વર્ષથી પ્રેમસબંધમાં હોય યુવતીને કિશન મળવા માટે બોલાવતો રહેતો હતો. યુવતી પ્રેમી સાથે સંબંધ રાખતી હોવા છતાં આરોપી કિશન મરણજનાર યુવતીની સાથે અવાર નવાર ઝઘડા કરતો હતો. ઉપરાત માર પણ મારતો હોવાનો આક્ષેપ કવામાં આવ્યો છે. યુવતી જ્યારે પણ લગ્ન કરવા માટેની વાત પ્રેમીને કહેતી હતી ત્યાર આરોપી તેની સાથે ઝઘડો કરીને વાત ટાળી નાખતો હતો આ વાતને લઈને પણ યુવક સાથે ઝઘડા થતા રહેતા હતા. જેમાં કેટલીકવાર કિશન ઠાકોરે તો પ્રેમિકા યુવતીને તારે મરવું હોય તો મરી જા હું તારી સાથે લગ્ન કરવાનો નથી તેમ જણાવી તેના પર શારીરીક અને માનસીક ત્રાસ આપતો હતો. જેથી લગ્ન કરવાની ના પાડી દેતા યુવતીએ બેડરૂમમાં પંખાના હુક સાથે દુપટ્ટો બાંધીને આપઘાત કરી લીધો હતો. જેથી યુવતીના પિતાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં તેમની દિકરીને આત્મહત્યા કરવા મજબુર પ્રેમી કિશન ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોધાવતા પોલીસે તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

**અનેક વાહનચાલકો લાંબા સમય સુધી અટવાયેલા રહ્યા**

# જન આક્રોશ યાત્રા નીકળતા માંડવી પાસે ટ્રાફિકજામના દ્રશ્યો

**યાત્રાના** સમાપન સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

નાગરિકોના વિવિધ પ્રશ્નોને લઈને જનતાના આક્રોશ ને એક અવાજ આપવા માટે પ્રદેશ કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. જે વડોદરાના રાજમાર્ગો પર નીકળતા ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

ગુજરાતમાં જન આક્રોશ યાત્રા પરિવર્તનનું શંખનાદ મોંઘવારી અને બેરોજગારી કાયદો વ્યવસ્થાની નબળાઈ મહિલાઓ તથા યુવાનોની સુરક્ષા પર સવાલો, ખેડૂતોની સમસ્યાઓ શિક્ષણ તેમજ આરોગ્યમાં બેદરકારી, ગટર રસ્તા પાણી તથા દબાણ જેવા મુદ્દાઓ પર કામ ન થવા સહિતના પ્રશ્નોથી લોકો પરેશાન થયા છે.



આ જનતાના આક્રોશને એક અવાજ આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે જન આક્રોશ યાત્રા પરિવર્તનનો શંખનાદ યોજાઈ રહી છે. આ યાત્રામાં પ્રદેશ પ્રમુખ, સીએલપી નેતા સહિત શહેર જિલ્લાના અનેક પદાધિકારીઓ મહાનુભાવો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આક્રોશિત જનતાની ગેરહાજરી વચ્ચે નીકળેલી વાહનો સાથેની આ યાત્રા માંડવી ખાતે પહોંચી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળેલી આ યાત્રાના કારણે ટ્રાફિક પ્રભાવિત થયો હતો. વાહન ચાલકો અટવાયા હતા.

**વડોદરામાં એસએમસીને મોટી સફળતા : બુટલેગરો પર તવાઇ બોલાવી**

# ડભોઇ રોડ પરથી વિદેશી દારૂના જથ્થા સહિત રૂ. 15.51 લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

બુટલેગર-સપ્લાયર સહિત આઠ આરોપી વોન્ટેડ, વાડી પોલીસ ઊંઘતી ઝડપાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

નવા વર્ષની ઉજવણી પૂર્વે વડોદરામાં દારૂની હેરાફેરી અટકાવવા સક્રિય બનેલી State Monitoring Cell Gujarat (એસએમસી)ને મોટી સફળતા મળી છે. એસએમસીની ટીમે ડભોઇ રોડ પર આવેલી જય નારાયણ નગર સોસાયટી-૨માં ચાલતા દારૂના કટિંગ દરમિયાન દરોડો પાડી દારૂ પહોંચાડવા આવેલા બે ઈસમોને રંગે હાથ ઝડપી લીધા છે.



જ્યારે મુખ્ય બુટલેગર અને સપ્લાયર સહિત કુલ આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.પ્રાપ્ત માહિતી મુજબ ૨૫ ડિસેમ્બરના રોજ એસએમસીને બાતમી મળી હતી કે ડભોઇ રોડ પર આવેલી જય નારાયણ નગર સોસાયટીમાં બુટલેગર અતિશ ઠાકોરના ઘર પાસે વિદેશી દારૂ ઉતારવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે એસએમસીની ટીમે તાત્કાલિક દરોડો પાડી સ્થળ પરથી રૂ. ૧૦.૧૬ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બાબુ લહેરીયા રાઠવા (રહે. ફેરકુવા, તા. છોટાઉદેપુર) અને અજય ઉર્ફે બાબુ મેવાલાલ યાદવ (રહે. જય નારાયણ નગર, ડભોઈ રોડ)ને ઝડપી લીધા હતા.

કાર્યવાહીમાં દારૂ ભરેલું ટેમ્પો (રૂ. ૫ લાખ), બે મોબાઈલ (રૂ. ૩૦ હજાર) સહિત કુલ રૂ. ૧૫.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ કેસમાં બુટલેગર અતિશ વિનોદ ઠાકોર, સપ્લાયર બંસીલાલ ભુરસીંગભાઈ રાઠવા, લાલસિંગ રાઠવા સહિત કુલ આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. એસએમસી દ્વારા આરોપીઓ અને મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે વાડી પોલીસને સોંપવામાં આવ્યા છે.

**શિફ્ટિંગના નામે નાણાકીય ઊંચાપતની આશંકા વ્યક્ત કરવામાં આવી**

# જે તળાવ સાફ નથી કરી શકતા, એ મગરોને ક્યાં સાચવશે? : વિપક્ષ

તળાવની ફરતે દીવાલ બનાવી સુરક્ષિત કરવાને બદલે સ્થળાંતરના ખર્ચ સામે આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરના પાંચ મુખ્ય તળાવોમાંથી મગરોને અન્યત્ર ખસેડવાની તંત્રની હિલચાલ સામે અનેક સવાલો ઉભા થયા છે. વડોદરા અને મગરો વચ્ચેના વર્ષો જૂના સહ-અસ્તિત્વના ઈતિહાસ વચ્ચે, તાજેતરમાં પાંચ તળાવોમાંથી મગરોને શિફ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, આ નિર્ણયને લઈને સ્થાનિક રાજકીય નેતાઓ અને પર્યાવરણ પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. તાંદલજા જેવા તળાવોની વર્તમાન સ્થિતિ અત્યંત દયનીય છે. તળાવમાં વર્ષોથી જામી ગયેલી લીલ, કચરો અને પ્રદૂષિત પાણીને કારણે જળચર જીવોનું જીવવું મુશ્કેલ બન્યું છે. કોર્પોરેશન દ્વારા સમયાંતરે સફાઈ ન કરવામાં આવતા તળાવમાં ગંદકી વધી છે, જેના કારણે મગરો ઘણીવાર કિનારા પર અથવા માનવ વસ્તી તરફ ખેંચાય છે. તંત્ર આને ખતરો માનીને મગરોને ખસેડવા માંગે છે, પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે શું તળાવની સફાઈ એ ઉકેલ નથી? વિપક્ષે આ મામલે કોર્પોરેશન પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, “તંત્ર પાસે મગરોને પકડીને અન્ય કયા સુરક્ષિત સ્થળે રાખવાની વ્યવસ્થા છે તેનો કોઈ ખુલાસો નથી.

**સફાઈ કો, સ્થળાંતર નહીં. : લોકમાંગ**

સ્થાનિકો અને અગ્રણીઓની માંગ છે કે મગરોને સ્થળાંતરિત કરવાને બદલે તળાવોની સફાઇ કરવામાં આવે, ફરતે પ્રોટેક્શન વોલ બનાવવામાં આવે અને તળાવનું બ્યુટીફિકેશન કરવામાં આવે. જો યોગ્ય આયોજન સાથે તળાવને વિકસાવવામાં આવે તો મગરો પણ સુરક્ષિત રહેશે અને પ્રજાને પણ સુવિધા મળશે.

